

**નરેન્દ્રનું શાળાશિક્ષણ**

બંગાળના સુપ્રસિદ્ધ પંડિત ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની 'મેટ્રોપોલિટન ઈન્સ્ટિટયૂશન' નામની શાળામાં નરેન્દ્રનું શિક્ષણ શરૂ થયું. એ શાળામાં નરેન્દ્રની અસાધારણ બુદ્ધિપ્રતિભાથી શિક્ષકો અને સહાધ્યાયીઓ તેના તરફ આકર્ષાયા અને ચકિત બન્યા. રમતગમતનો નરેન્દ્રને ભારે શોખ હતો. નવી નવી રમતો શોધી કાઢીને નરેન્દ્ર મિત્રોને આનંદ આપતો.

નરેન્દ્રનો સ્વભાવ વિનોદી પણ હતો. રામાયણ –

મહાભારત અને પુરાણકથાઓના પ્રસંગો કહીને તે સૌને આનંદ આપતો. એક વાર વર્ગમાં શિક્ષક પાઠ લેતા હતા. તે વખતે નરેન્દ્ર મિત્રો સાથે વાતચીતમાં મશગૂલ હતો. એકાએક શિક્ષકે સૌને સવાલો પૂછયા. બીજા વિદ્યાર્થીઓ વાતોમાં ધ્યાન હોવાથી કશો જવાબ આપી ન શકયા. નરેન્દ્રનું ધ્યાન પણ વાતોમાં હતું જ, પણ એ બંને બાજુ ધ્યાન રાખી શકતો હતો. વાત કરતી વખતે પાઠમાં પણ તેનું ધ્યાન હતું તેથી તેણે સાચા જવાબો આપ્યા. તેથી શિક્ષકે બીજા વિદ્યાર્થીઓને બાંકડા ઉપર ઊભા થવાની સજા કરી. તેમની સાથે નરેન્દ્ર પણ ઊભો થયો. એ જોઈને શિક્ષકે કહ્યું : 'તારે ઊભા થવાની જરૂર નથી. તારા જવાબો સાચા છે.'

નરેન્દ્રે કહ્યું : ' પણ સાહેબ, વાતો હું પણ કરતો હતો. તેથી મારેય ઊભા રહેવું જોઈએ.' આમ કહીને તે પણ ઊભો રહ્યો.

લગભગ એ અરસામાં બીજા એક બનાવથી નરેન્દ્રની ધીરજ તથા સહનશીલતાની આકરી કસોટી થઈ. શાળાના એક શિક્ષકનો સ્વભાવ ઘણો ઉગ્ર હતો. તેઓ વિદ્યાર્થીઓને  શારીરિક શિક્ષા પણ કરતા. એકવાર એ શિક્ષકે વર્ગના એક વિદ્યાર્થીને સખત માર માર્યો. પોતાન સહાધ્યાયી ઉપર પડતો એ અમાનુષી માર નરેન્દ્ર સાંખી ન શકયો. ક્રોધના આવેશમાં તે જોરથી હસી પડયો. તેથી શિક્ષકનો રોષ નરેન્દ્ર ઉપર ઊતર્યો. પેલા વિદ્યાર્થીને પડતો મૂકીને એ નરેન્દ્રને મારવા લાગ્યા. નરેન્દ્રનો કાન પકડીને તેને બાંકડા ઉપર ઊભો કરતાં કાન જરા ચીરાયો ને લોહી નીકળ્યું. નરેન્દ્રે ક્રોધ ભરી લાલ આંખે શિક્ષક સામે જોયું અને એવા જ ઘેરા અવાજે કહ્યું : ‘ મારો કાન શા માટે ખેંચો છો ? અમને કોઈને મારવાનો તમને શો અધિકાર છે ?’

એવામાં અચાનક  ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર ત્યાંથી પસાર થતા હતા. તેમણે નરેન્દ્રને પોતાની પાસે બોલાવ્યો. તેની હકીકત સાંભળીને શિક્ષકને ઠપકો આપ્યો અને નરેન્દ્રને ઓફિસમાં લઈ જઈને શાંત પાડયો.

શ્રીભુવનેશ્વરીદેવીને આ વાતની જાણ થતાં તેમને ભારે રોષ ચડયો અને તેમણે નરેન્દ્રને એ શાળામાં જવાની ના પાડી. પરંતુ નરેન્દ્ર તો કશું જ ન બન્યું હોય તેમ બીજા જ દિવસથી શાળામાં જવા લાગ્યો.

સૌજન્ય : ( શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ) સ્વામી વિવેકાનંદ (સંક્ષિપ્ત જીવન)